## જન્મદિને વધામણી



ડો. યશવંત છાટબાર
સિનીયર ઈએનટી સર્જન
મો. ૯૩૨૭૦ ૧૧૪૪૦



મુકેશ ડી મકવાણા
મો. ૯૫૭૪૩ ૦૬૪૨૨



સુહાગ રમણલાલ વોરા
મો. ૯૩૭૫૬ ૪૪૪૯૯

# રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા શનિવારે ગરબા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

શ્રી રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા રાજપૂત ગરબા ગરબા મહોત્સવનું આયોજન આગામી તારીખ ૧૫ ઓકટોબર ને શનિવારના રોજ કરવામાં આવ્યું છે.

માણસા રોડ, ક-૭ સર્કલ પાસે સ્થિત શિવાલય પાર્ટી પ્લોટ ખાતે આયોજિત આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલા, મુખ્ય મહેમાન તરીકે ગૃહ અને કાયદા પ્રધાન પ્રદિપસિંહ જાડેજા અને ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાઆરતી, સ્વાગત સન્માન તેમજ રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગાયક કલાકાર તરીકે રતનસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે. સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા, કન્વીનર જિતેન્દ્રસિંહ વાઘેલા, મુખ્ય પ્રાયોજક કરણસિંહ વાઘેલા વગેરેએ રાજપૂત સાંસ્કૃતિક ફોરમ દ્વારા શરદોત્સવમાં પધારવા સૌ સમાજજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમાજના મહિલા સંગઠને પણ વધુમાં વધુ મહિલાઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

ગરબા રમવા માટે ટ્રેડિશનલ ડ્રેસ ફરજિયાત કરવામાં આવ્યો છે અને કાર્યક્રમમાં ભોજન સમારંભનું પણ આયોજન કરાયું છે, જે માટે સમાજજનોને સંબંધિત સેક્ટર કે ગ્રામ પ્રતિનિધિનો સંપર્ક સાધવા પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાએ આ અંગેની એક અખબારી યાદીના માધ્યમથી જણાવ્યું છે.

# ચેરીટેબલ ટ્રસ્ટના લાભાર્થે બુધવારે ટાઉનહોલમાં લોક ડાયરાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

ગરીબ અને અનાથ બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત શિવમ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ અને ક્રિષ્ના એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના લાભાર્થે 'નન્હી મુસ્કાન' નામે લોક ડાયરાનું આયોજન આગામી તા. ૧૯ ઓક્ટોબર ને બુધવારના રોજ રાત્રે ૮ કલાકે ગાંધીનગર ટાઉન હોલ ખાતે કરવામાં આવ્યું છે.

રાજેશભાઈ પટેલ અને ભીખાભાઈ વી ચૌધરીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે લોક ડાયરાના આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક, લોક ગાયક નારણ બારોટ તથા બાળ સાહિત્ય કલાકાર હિતાર્થ બારોટ ઉપસ્થિત રહી લોકસાહિત્યનો રસલ્હાણ કરાવશે.

આ પ્રસંગે જગન્નાથ મંદિર, અમદાવાદના મહંત દિલીપદાસજી મહારાજ તથા વિશ્વેશ્વર મહાદેવ મંદિર, ઈડરના મહંત રામદાસજી આશીર્વચન આપવા પધારશે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર બારીયામાં સગર્ભા મહિલાઓ માટે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમના પહેલા ચરણમાં બારડોલી, બારીયા, ભક્તોના મુવાડા તથા ઠોગળીની કુલ ૧૪ સગર્ભ બહેનોનું હેલ્થ ચેક-અપ ડૉક્ટર સુવિણાબેન ચીતણીયા દ્વારા કરી તેમને જરૂરી સૂચનો આપવામાં



આવ્યાં હતાં.

સમિતિ દ્વારા પ્રત્યેક સગર્ભાને ૧ કિગ્રા ગોળ, ૫૦૦ ગ્રામ મગ તથા ટોનિકની બોટલ પણ આપવામાં આવી હતી. દર માસના પ્રથમ બુધવારે આ કાર્યક્રમ નિયમિત યોજવાનો સંકલ્પ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો. અતુલ પંડ્યા તથા સબ સેન્ટરનો સ્ટાફ આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ રહ્યો છે.

# દશેરા નિમિત્તે વાવોલ ખાતે બે નાટ્યના પ્રયોગો યોજાયા



## સિદ્ધાર્થ સ્ટેટસ સોસાયટી ખાતે ગાંધીનગરના યુવાનોએ બે નાટકોનું મંચન કરી અનોખું મનોરંજન પૂરું પાડ્યું

ગાંધીનગર, તા. ૧૨

દશેરાની ઉજવણી આપણે ત્યાં પરંપરાગત રીતે કરવાનો રિવાજ છે ને કેટલાક લોકો અનોખી રીતે પણ દશેરા ઉજવે છે, જેમાં આ વખતે વાવોલ ગામની સોસાયટી સિદ્ધાર્થ સ્ટેટસનું નામ ઉમેરાયું છે.

આ સોસાયટીના રહીશોએ નવરાત્રીની પરંપરાગત ઉજવણી બાદ દશેરાની ઉજવણી માટે નવો રસ્તો અખત્યાર કર્યો હતો. પોતાને ત્યાં નાટકોના શો આયોજિત કરીને સમગ્ર સોસાયટીના રહીશોએ સાથે બેસીને મનોરંજન માણ્યું હતું.

ગાંધીનગરના ખ્યાત નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત બે નાટકો 'જીવન અમૂલ્ય છે' અને 'જાદુગર'નું નિઃશુલ્ક મંચન આ કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ એકેડેમી ઑફ આર્ટ્સના નાટ્ય વર્ગના તાલીમાર્થીઓ દ્વારા આત્મહત્યા નિવારણનો સંદેશ આપતા અનોખા નાટક 'જીવન અમૂલ્ય છે'નું નિર્માણ કરવામાં આવ્યું છે અને આ નાટકનું મંચન આ તાલીમાર્થીઓ દ્વારા વિનામૂલ્યે કરવામાં આવે છે. સિદ્ધાર્થ સ્ટેટસ ખાતે આ નાટકનો સાતમો શો તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ નાટકમાં ફાલ્ગુન નંદા, આકાશ ગોહિલ, ધ્રુવ પંચાસરા, મહેન્દ્ર હડીયા, પ્રતીક હિરપરા, હાર્દિકા શુક્લ, દેવલ રામાવત, અર્થ સાધુ, સાબિર મલેક, મૌન સાધુ, દિલીપસિંહ ઝાલા, પ્રતીક્ષા નિમાવત અને નિકીતા પરમાર દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. રોનક સુતરિયા દ્વારા સંગીત સંચાલન અને પર્વ નિમાવત દ્વારા નેપથ્યની સેવા પૂરી પાડવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધા-૨૦૧૪માં પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલું ગાંધીનગરનું નાટક 'જાદુગર' ત્યારબાદ પ્રસ્તુત થયું હતું, જેમાં હાર્દિકા શુક્લ, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે અભિનય આપ્યો હતો. પ્રેક્ષકોએ બંને નાટકોને ભરપૂર માણ્યાં અને સરાહ્યાં હતાં તથા આ કલા અને સેવાભાવના બદલ તેમને પણ બિરદાવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના પ્રમુખ કલ્પેશભાઈ તથા કારોબારી સભ્યોએ ભારે જહેમત ઊઠાવી હતી.

## ડાયરેક્ટ સે

'મને કોઈ શું છેતરશે?
હું પોતે ક્યાં નથી?'
- શાહબુદ્દીન રાઠોડ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
એમ એસ ધોની
૩.૩૦, ૯.૩૦
મિર્ઝ્યા
૧૨.૪૫, ૭.૦૦

**સ્ક્રીન-૩**
મિર્ઝ્યા
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૭.૦૦

**સ્ક્રીન-૫**
મિર્ઝ્યા
સવારે ૧૦.૦૦
તુતક તુતક તુતિયા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫

## માતૃભાષા અભિયાન દ્વારા આગામી શનિવારે બાળસાહિત્ય શનિસભા

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી માતૃભાષા અભિયાન સંસ્થા તરફથી બાળસાહિત્યના લેખકોને સર્જનમાં વેગ મળે તથા સાહિત્યનું સંવર્ધન થાય, તેનું સમૂહમાં મૂલ્યાંકન થાય તે આશયથી દર માસના પહેલા અને ત્રીજા શનિવારે 'શનિસભા'નું આયોજન થાય છે. એ અંતર્ગત તારીખ ૧૫ ઓક્ટોબર, શનિવારના રોજ બપોરે ૩ કલાકે ૨૯મી બાળસાહિત્ય શનિસભાનું આયોજન વીએમએસ, ભોંયતળિયે, ચિત્રકુટ ફ્લેટ્સ, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં બાળસાહિત્યના લેખકો પોતાની અપ્રકાશિત, મૌલિક કૃતિઓ રજૂ કરશે અને મુક્ત મને તેની ચર્ચા કરશે. આ રીતે બાળસાહિત્ય શનિસભામાં બાળસાહિત્યના તમામ પ્રકારો રજૂ કરવામાં આવશે.

### ગુજરાતી લેક્સિકન પરિવાર દ્વારા અમદાવાદ ખાતે

# શ્રી રતિલાલ ચંદરયા તૃતિય સ્મૃતિસભા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતી લેક્સિકન પરિવાર દ્વારા 'શ્રી રતિલાલ ચંદરયા તૃતિય સ્મૃતિસભાનું આયોજન' અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં માતૃભાષા ગુજરાતીમાં પીએચડી કરતાં વિદ્યાર્થીઓ કુલદીપ વ્રજલાલ આચાર્ય (મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી), અંજલિ ભીખાભાઈ આચાર્ય (ગુજરાત યુનિવર્સિટી), કનુભાઈ બચુભાઈ બારૈયા (સરદાર પટેલ યુનિવર્સિટી), મોનિકા મુકેશસિંહ સરવૈયા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), જલ્પાબેન વિમલસિંહ ઝાલા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી), ફેની વિજયભાઈ સોડાવાલા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી)ને ફેલોશીપ પેટે રૂા. ૪૨ હજારની રકમ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત 'મિલાપ' સામયિકના ૧૯૫૦થી ૧૯૭૮ સુધીના ૨૯ વર્ષના અંકોના ૨૦,૨૨૦ જેટલા પેજના ડિજીટલાઈઝેશનરૂપ સીડીનું લોકાર્પણ ઉપસ્થિત મહાનુભાવોને હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોમાં પિનાકી મેઘાણી, વિમલ ચંદરયા, વિપુલ કલ્યાણી, અશોક કરાણિયા અને ડો. ગણેશ દેવી હતા. 'નિઃશબ્દતા' વિષયે ડો. ગણેશ દેવીએ વક્તવ્ય આપ્યું હતું. વિપુલ કલ્યાણી અને અશોક કરાણિયાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. પિનાકી મેઘાણીએ ડિજીટલાઈઝેશન સીડી અને માતૃભાષા સંવર્ધન અંગે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૈત્રી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જ્ઞાનપીઠ પુરસ્કૃત રઘુવીર ચૌધરી, યોસેફ મેકવાન, પ્રકાશ ન શાહ, પ્રવીણ પંડ્યા, બારીન મહેતા, ઊજમશી પરમાર, મનીષ પાઠક 'શ્વેત', ચિરાગ ઠક્કર, પરિક્ષિત જોષી અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

### નવા વાડજ ખાતે

# સિનિયર સિટિઝન અવેરનેસ અંગે શિબિરનું આયોજન થયું



ગાંધીનગર, તા. ૧૨

આદર્શ અમદાવાદ દ્વારા ૧લી ઓક્ટોબરના રોજ જીવનતીર્થ, નવાવાડજ ખાતે સિનિયર સિટિઝન અવેરનેસ અંગેની શિબિર યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પ્રતિનિધિ જયરામભાઈ સોની દ્વારા નાગરિકોને આધ્યાત્મિક, દૈનિક નિયમિતતા, આદર્શ ભોજન મેનુ, ભોજનમાં ન લેવા જેવા પદાર્થો, સિનિયિર સિટિઝન સંભાળ, કાયદો, વિવિધ લાભદાયક યોજનાઓ, વરિષ્ટ નાગરિકોના હક્કો, વાલી બિમારી, સલામતી, ભરણપોષણ, પેન્શન તથા અન્ય સરકારી લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે 'જીવનતીર્થ' સંસ્થામાં બિન સરકારી સંસ્થા 'ઉન્નતિ'ના સહયોગથી નવયુવકોને વિવિધ પ્રકારની નોકરી મેળવવા અંગેની તાલીમ આપવામાં આવે છે. નજીવી ફીથી તાલીમ આપી પ્લેસમેન્ટ માટે પણ સહાય કરવામાં આવે છે અને નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા યુવકોને ફીમાં રાહત પણ આપવામાં આવે છે.

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે દશેરા મહોત્સવની ભવ્ય ઉજવણી









હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે દશેરા મહાઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૨૫,૦૦૦ થી વધુ ભક્તોએ ભાગ લીધેલ હતો. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ના પ્રેસિડન્ટ સ્વામી જગનમોહન કૃષ્ણ દાસે ''દશેરા મહાઉત્સવ - સંસ્કૃતિ થકી આધ્યાત્મિકતા તરફ ફરીથી પ્રયાણ'' વિશે સમજાવતા જણાવ્યું હતું કે દશેરા ઉત્સવ લોકોને ધાર્મિક અને સંસ્કૃતિનું ઉંડી ઝાંખી કરાવે છે. અનન્ય સંસ્કૃતિ અને ચૈતન્યરૂપી ભગવાનની આધ્યાત્મિકતાને ભેળવીને એકરૂપ કરવાના આ અવસરનો લાભ લઈને હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા દશેરા મહાઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતુ. ખ્યાતનામ નૃત્યસમુદાય જે.જી.કોલેજ ઓફ પરફોર્મીંગ આર્ટસ દ્વારા ''ધર્મનો વિજય'' વિષય ઉપર નૃત્યનાટક પેશ કરવામાં આવ્યું હતું જેમાં ભગવાન શ્રી રામચંદ્રની રાક્ષસીરાજા રાવણ સાથેની લડાઈમાં થયેલ વિજયનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ સર્વ શક્તિમાન શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં મંદિરની પરિસર ફરતે જાજરમાન સવારીમાં વિહાર કરાવવામાં આવ્યું તથા ભકતો ભગવાન શ્રી રામના ગુણોનું રટણ કરતા સંકિર્તન ગાઈ જોડાયા હતા. ઉત્સવમાં વિશેષ આકર્ષણના ભાગરૂપે ૫૦ ફુટ જેટલા ઉંચા અને મહાકાય બનાવેલ રાવણ અને કુંભકર્ણના પૂતળાનું દહન કરવામાં આવ્યું જે સત્યની અસત્ય પરની વિજયના પ્રતિકનું નિર્દેશ કરે છે જે ઉપસ્થિત દર્શકો અને ભક્તોના આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતુ. ભારે જનમેદની વચ્ચે રાવણના પૂતળાનું દહન થતા તેમજ ફટાકડાના શોર અને શાનદાર આતશબાજીથી ચોમેર ભારે હર્ષ અને ઉલ્લાસની લાગણી ફેલાઈ ગઈ હતી.